ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
# સાબરકાંઠા - અરવલ્લી
તા. ૫-૬-૨૦૨૧, શનિવાર




## સન્નાટો : મુખ્યમંત્રીના નામ સાથે જોડાયેલ હિંમતનગર-કાંકણોલ રોડના નબળા કામને અટકાવ્યું

### સાબરકાંઠા જિલ્લા પંચાયત આર. એન્ડ બી.માં ફૂદકા મારતો ભ્રષ્ટાચાર : જિલ્લા કારોબારી અધ્યક્ષે નબળા કામની પોલ ખોલી



બાયડ / હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા જિલ્લા પંચાયત આર. એન્ડ બી. વિભાગમાં અનહદ ભ્રષ્ટાચારના આરોપ લાગેલા છે ત્યારે મુખ્ય મંત્રીના નામ સાથે જોડાયેલ હિંમતનગર-કાંકણોલના નવા બનતા ૪ કી.મી. ડામર રસ્તાનું કામ હલકી ગુણવત્તાનું હોવાથી અટકાવાતાં સમગ્ર જિલ્લામાં સનસનાટી મચી ગઈ છે. જિલ્લા કારોબારી અધ્યક્ષે નબળા કામની પોલ ખોલ્યા પછી મામલો સુલજાવવા માટે અનેક લોકોએ ધમપછાડા શરૂ કર્યા છે. જ્યારે વિભાગના એસ.ઓ. જે.ડી.પટેલની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તક આર. એન્ડ બી. મારફતે થઈ રહેલા કામોમાં નબળી ગુણવત્તા ટેન્ડર મુજબ કામ થતું ન હોવાની ફરિયાદો લાંબા સમયથી ચાલી રહી છે. જ્યારે મલાઈદાર રોડ બનવાના હોય તે વિસ્તારમાં ચોક્કસ એસ.ઓ.ની નિયુક્તિ પણ ગાંધીનગર સુધી ચર્ચામાં રહેલી છે. તાજેતરમાં જ મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર-કાંકણોલને જોડતા ૪ કી.મી. રોડ પૈકી ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયાથી રૂા.૧.૮૩ કરોડના ખર્ચે રોડનું કામ શરૂ કરવામાં આવ્યું જેમાં એજન્સીને નિયત સમયમાં કામ પુરૂ કરવા માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો પરંતુ ડામર કામ ચાલુ હતો ત્યારે જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ વિપુલભાઈ પટેલે નિમ્ન કક્ષાનું કામ હોવાથી કામ અટકાવવાની સાથે અધિકારીઓનો ઉધળો લીધાની પણ ગરમા ગરમ ચર્ચા ચાલી છે.

#### હલકી ગુણવત્તાનું કામ : કારોબારી અધ્યક્ષ

સાબરકાંઠા જિલ્લા પંચાયત અધ્યક્ષ વિપુલ પટેલે જણાવ્યું કે નવા બની રહેલા ડામર રસ્તાના કામમાં હલકી ગુણવત્તાનું કામ થતું હોવાની ફરિયાદ મળ્યા પછી બપોરે મેં મુલાકાત લીધી અને માટી ઉપર સીધો જ ડામરનો માલ નાખી રોલર ફેરવી દીધું હતું અને તે જાત નિરીક્ષણ કર્યા પછી જ કામ અટકાવી દેવામાં આવ્યું છે.

#### પ્રોબ્લેમ શોર્ટ આઉટ કર્યો છે : કાર્યપાલક ઈજનેર

આર. એન્ડ બી. જિલ્લા પંચાયત કાર્યપાલક ઈજનેર એલ.ડી.ચૌધરીએ જણાવ્યું કે નબળા કામનો એવો કોઈ ઈસ્યુ નથી. પ્રોબ્લેમ શોર્ટ આઉટ કર્યો છે તો પછી સવાલ એ થાય છે કે કોની સાથે ચર્ચા કરીને પ્રોબ્લેમ શોર્ટ આઉટ કરવામાં આવ્યો..?? ડામર પથરાતો હતો ત્યારે પ્લાન્ટ ઉપર કયા અધિકારી-કર્મચારી તૈનાત હતા કે પછી કોન્ટ્રાક્ટરને બધી રીતે છૂટ આપી છૂમંતર થઈ ગયા હતા..?? તેની પણ નવનિયુક્ત કાર્યપાલક ઈજનેરે તપાસ કરવી પડશે.

## જિલ્લામાં વરસાદ વાવાઝોડાએ દેશી કેરીની મજા છીનવી

### વાવાઝોડામાં કાચી કેરીઓ ખરી પડતાં નુક્સાન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાજેતરમાં વરસાદ અને વાવાઝોડાએ ખેતીને નુક્સાન પહોંચાડવાની સાથે દેશી કેરીને માઠું નુક્સાન પહોંચાડ્યું છે. આંબે ઝૂલતી કેરીઓ વાવાઝોડાના કારણે ખરી પડતાં ખેડૂતોને નુક્સાન પહોંચ્યું છે. આંબા ઉપરથી કેરી ઉતારાય તે અગાઉ ભારે પવન ફૂંકાતાં ટપોટપ જમીન ઉપર કેરીઓના ઢગલા થઈ જવાથી આંબાવાડીયા ખરેલી કેરીઓથી ઉભરાઈ ગયાં છે.



ઉનાળાની સીઝનમાં કેસર, હાફૂસ, લંગડા, તોતા, બદામ કેરીની સીઝન જામતી હોય છે. શરીર માટે ઉનાળુ ફળ અનેક રીતે ફાયદો આપતું હોવાથી સ્વાભાવિક રીતે જ કાળઝાળ ગરમીમાં કેરીની માંગ વધતી હોય છે. જિલ્લામાં સ્વાદ શોખીનોને હંમેશાં દેશી કેરીનું વધુ આકર્ષણ રહ્યું છે જેથી સીઝનમાં અન્ય કેરીઓની સાથે દેશી કેરીના આગમનની રાહ જોવાતી હોય છે પરંતુ આ વખતે વારંવાર બદલાતું હવામાન અને વાવાઝોડાએ દેશી કેરીને ગ્રહણ લગાડ્યું છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના આંબાવાડીયાઓમાં આંબા ઉપર ભરપૂર મૉર આવ્યો હતો અને ત્યાર પછી ડાળે..ડાળે કેરીઓ લૂંબે ઝુંબે ઝૂલતી જોવા મળી. ત્યારબાદ તાઉતે વાવાઝોડાની ઈફેક્ટ અને હવે ફરીથી વરસાદ સાથે વાવાઝોડું ફૂંકાતાં દેશી કેરીના પાકને અગણિત નુક્સાન પહોંચ્યું છે. ખેડૂતોએ રાત-દિવસ ખેતરોમાં ધામા નાખી કેરીના સારા પાકની આશા રાખી હતી પરંતુ વાવાઝોડાએ તેના ઉપર પાણી ફેરવી નાખ્યું છે. વાવાઝોડા પછી ખેતરોમાં કેરીના ઢગ ખડકાઈ જતાં બીજા દિવસે ખેડૂતો અને પરિવારજનોએ ખરેલી કેરીઓ એકત્ર કરવા માટે કેરી પાક્યા પહેલાં મહેનત કરવાનો વારો આવ્યો છે.

## ઉકરડાનું કમઠાણ : ધનસુરાના ઉદેપુર ગામમાં ઉકરડો હટાવવામાં તંત્રના ઠાગાઠૈયા

### સરપંચ પાણીમાં બેઠા જેવી સ્થિતિ, ટી.ડી.ઓ.એ ત્રીજી આખરી નોટિસ આપી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

ધનસુરા તાલુકાના ઉદેપુર ગામમાં ઉકરડો હટાવવા મુદ્દે તંત્ર પાણીમાં બેઠા જેવી સ્થિતિ છે. ૩-૩ વાર નોટિસ આપવા છતાં પણ ઉકરડો ન હટાવી શકતું તંત્ર પ્રજાની અન્ય સમસ્યાનો શું હલ લાવી શકશે..?? એક રીતે સરપંચ ગામતળની જમીનમાં ઉકરડો હટાવવા મુદ્દે અંદરખાને તૈયાર ન હોવાની છબી ઉભી થઈ છે પરંતુ લાગે છે કે હવે ઉકરડાનું કમઠાણ સરપંચને ગળામાં હાડકા ફસાયા જેવી સ્થિતિમાં લાવી દીધા છે.

મળેલી વિગતો અનુસાર ઉદેપુર ગામના મૂળછીભાઈ છગનભાઈ પટેલે તેમના ઘર નજીક ખુલ્લામાં ઉકરડો હતો તે દૂર કરવા માટે ગ્રામ પંચાયતના સરપંચ, તલાટી કમ મંત્રીને વારંવાર રજૂઆત પછી પણ ઉકરડો ન હટાવતાં મામલો તાલુકા વિકાસ અધિકારીના દરબારમાં પહોંચ્યો ત્યાં પણ અધિકારીની ઢીલી નીતિ જોવા મળી. અરજદારે ભીખાભાઈ ગોબરભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલા ઉકરડાને હટાવવા માટે ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત કચેરીમાં ૫૦ થી વધુ ધક્કા ખાધા છતાં પણ કોઈ ઉકેલ ન આવ્યો અને હવે ઉકરડો ન હટે તો મુખ્ય મંત્રી સમક્ષ ફરિયાદ પહોંચાડવાનો નિર્ણય લીધો હતો ત્યારે એકાએક એક્શનમાં આવેલા તાલુકા વિકાસ અધિકારી દ્વારા સરપંચને નોટિસ પાઠવી ઉકરડો હટાવવા માટે તાકીદ કરી છે. આવનારા દિવસોમાં ધનસુરા તાલુકાની ઉદેપુર ગ્રામ પંચાયતનું ઉકરડા પ્રકરણ વધુ ગાજે તેવી દહેશત છે. જ્યારે સરપંચની કામગીરી અગાઉથી જ વિવાદાસ્પદ રહી છે. રાષ્ટ્રીય પર્વના દિવસે પણ તિરંગો નહીં લહેરાવ્યાની ફરિયાદ ભૂતકાળમાં ઉચ્ચ કક્ષાએ પહોંચી હતી અને તે પણ સમેટી લેવામાં આવી હતી.

#### ઉકરડા ધારકને નોટિસ આપી છે : તલાટી કમ મંત્રી

તલાટી કમ મંત્રી પ્રિયંકભાઈ પટેલે જણાવ્યું કે ઉકરડો હટાવવા માટે અમે ભીખાભાઈ ગોબરભાઈ પટેલને નોટિસ આપી છે પરંતુ તમામ નોટિસો પાછી આવે છે. હવે ટી.ડી.ઓ.ના આદેશના પગલે ત્રીજીવારની નોટિસ આપી છે અને ત્યારબાદ નિયામાનુસારની કાર્યવાહી થશે ઉકરડો ગામતળની જમીનમાં છે.

## કોરોનાનો ડર ઓસર્યો : ઉત્તર ગુજરાતમાં સરકારી કચેરીઓ આજે ખુલ્લી રહેશે

### ૭ જૂન, સોમવારથી તમામ કચેરીઓમાં ૧૦૦ ટકા સ્ટાફની હાજરી, મુખ્યમંત્રીના નિર્ણયને પ્રજાએ આવકાર્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

કોરોનાના કારણે દર શનિવારે સરકારી કચેરીઓ બંધ રહેતી હતી તેમજ સપ્તાહમાં રોટેશન સ્ટાફ પ્રમાણે કામગીરી થતી હતી પરંતુ ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ ઘટી જતાં રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ તમામ સરકારી કચેરીઓ શનિવાર તા.૫ જૂનના રોજ ખુલ્લી રહેશે તેમજ ૭ જૂન સોમવારથી તમામ કચેરીઓ તેમજ ખાનગી ક્ષેત્રની ઓફીસમાં ૧૦૦ ટકા સ્ટાફની હાજરી સાથે કામકાજ શરૂ થશે તેવો નિર્ણય લેતાં ઉત્તર ગુજરાતની પ્રજાએ નિર્ણયને આવકાર્યો છે. કારણ કે હવે કોરોનાના હાઉમાંથી બહાર નહીં આવીએ તો અનેક પરિવારો બરબાદ થઈ શકે છે.

છેલ્લા ૧૪ મહિનાથી અખબારો તેમજ ટીવી ન્યુઝ ચેનલ માધ્યમોમાં માત્ર કોરોના જ હાવિ રહ્યો હતો જેની ગંભીર અસર અનેક લોકોના દિમાગ ઉપર જોવા મળી. કોરોનાની બીજી લહેરમાં ઉત્તર ગુજરાતમાં બિનસત્તાવાર ૬૦૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. પરંતુ સરકારી આંકડો જે બોલે તે સાચુ..તે મુજબ તંત્રએ મૃત્યુ આંકનો સ્વીકાર કર્યો છે. કોરોનાનું સંક્રમણ હાવિ થઈ જતાં કચેરીઓમાં ૫૦ ટકા રોટેશન સ્ટાફ પ્રમાણે કામગીરી શરૂ કરવાના સરકાર દ્વારા આદેશ આપવામાં આવ્યા હતા જેના કારણે રાજ્ય સરકારની વિવિધ સરકારી કચેરીઓમાં સૂચના મુજબ ૫૦ ટકા સ્ટાફથી કામગીરી શરૂ કરવામાં આવી. કેટલાક કિસ્સાઓમાં રોટેશન સ્ટાફમાં વ્હાલા દવાલાની નીતિના ગંભીર આરોપ લાગ્યા હતા. પાછલા એક સપ્તાહમાં ઉત્તર ગુજરાતમાં પણ સંક્રમણ તળીયે ગયું છે. મૃત્યુ આંક ઘટ્યો છે, રાજ્યમાં પણ આવી સ્થિતિ છે ત્યારે સરકાર દ્વારા હવે બજારોમાં છૂટછાટ આપવાની સાથે હવે સરકારી કચેરીઓમાં રાબેતા મુજબ કામ શરૂ કરવાનો નિર્ણય લેતાં પ્રજા કોરોનાના દહેશતમાંથી ધીમે ધીમે બહાર આવી શકે છે.

## આર. એન્ડ બી. પંચાયતના પાપે દર ચોમાસે હાલાકી, આકરૂન્દ સુજલામ કેનાલ નજીક પાણી નિકાલના અભાવે સમસ્યા ઠેરની ઠેર

### પાણી નિકાલ માટે ભૂંગળાં નાખવાનો તંત્ર પાસે સમય નથી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

અરવલ્લી જિલ્લા પંચાયત આર. એન્ડ બી.ના પાપે દર ચોમાસે અનેક વિસ્તારોમાં પાણી ભરાવવાથી હાલાકી ઉભી થાય છે. ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામ નજીકથી પસાર થતી સુજલામ કેનાલ નજીક પાણી નિકાલનો કોઈ આવરો ન મૂકાતાં ચોમાસા દરમ્યાન ૨ થી ૩ ફૂટ જેટલાં પાણી ભરાઈ જાય છે જેના કારણે વાહન ચાલકો અને ખેડૂતો વારંવાર હાલાકીમાં મૂકાઈ રહ્યા છે. છેલ્લા ૧૦ વર્ષથી ચોમાસા દરમ્યાન સમસ્યા સર્જાય છે છતાં તંત્ર પાસે ભૂંગળાં નાખવાનો સમય નથી.

છેલ્લા કેટલાય સમયથી જિલ્લા પંચાયત આર. એન્ડ બી.ની કામગીરી સામે આંગળીઓ ચિંધાઈ રહી છે. કોન્ટ્રાકટરો, અધિકારીઓ વચ્ચે મીલીભગતના ગંભીર આક્ષેપ લાગેલા છે. પ્રધાન મંત્રી સડક યોજના હેઠળ થયેલા કામોમાં પણ મોટાપાયે ખોટું થયાના આરોપ ભાજપના આગેવાને લગાવ્યા પછી સરકાર સમક્ષ રજૂઆત કરી હતી પરંતુ કોઈ કાર્યવાહી થઈ નથી. જ્યારે ચોમાસા અગાઉ પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન અંતર્ગત આર. એન્ડ બી. પંચાયતે કરવાના અનેક કામો માત્ર કાગળ ઉપર દેખાડી દેવામાં આવતા હોવાના

● અનુસંધાન પાના - ૭ પર

## લોક આક્રોશ ચરમસીમાએ : આકરૂન્દ પંથકમાં વરસાદના બે છાંટા પડતાં વીજળી ગાયબ

આકરૂન્દ / બાયડ, તા.૦૪

ધનસુરા તાલુકાના આકરૂન્દ પંથકમાં બે દિવસ અગાઉ સામાન્ય વાવાઝોડા અને ત્યાર પછી વરસાદના છાંટા પડતાં વીજળી ગાયબ થઈ ગઈ હતી અને ત્યારબાદ વારંવાર ટ્રીપીંગની સમસ્યાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. ઉત્તર ગુજરાત વિજ કંપનીમાં વહીવટી ખાડે ગયો હોય તેમ ધનસુરા વિજ કચેરીમાં ફરિયાદ પણ કોઈ સાંભળતું ન હોવાનો સ્થાનિક લોકોએ આરોપ લગાવ્યો છે.

છેલ્લા ૧૫ દિવસથી ભયંકર બફારાથી પ્રજા ત્રાસી ઉઠી છે. આવા સમયે માત્ર ૨ મીનીટ વીજળી ડૂલ થાય તો પણ નાના બાળકો અને વૃદ્ધની હાલત દયનીય બની જાય છે. પરંતુ આકરૂન્દ વિસ્તારમાં વરસાદના છાંટા પડ્યા પછી રાત્રે ૧૨-૦૦ વાગે વીજળી ગાયબ થયા પછી પરોઢે ૪-૦૦ વાગે વીજળીના ૨-૪ ઝબકારા થયા અને ત્યાર પછી તો આકરૂન્દ પંથક ૧૮મી સદીમાં હોય તે રીતે વારંવાર ટ્રીપીંગ થઈ જેના કારણે અનેક લોકોના વિજ ઉપકરણો ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા.

આકરૂન્દ, બાજીપુરા, બાપુપુરા, ધરમેડાકંપા, કાશીપુરાકંપા, નવાનગર, મઠ સહિતના વિસ્તારોમાં વીજળીના રીસામણાથી લોકરોષ ચરમસીમાએ છે. જ્યારે કોરોનાગ્રસ્ત અનેક દર્દીઓ હોમ ક્વોરન્ટાઈન થયા છે તે પણ વીજળી ડૂલ થઈ જતાં વધુ ક્રિટીકલ સ્થિતિમાં આવી ગયા હતા. સ્થાનિક યુવાનો દ્વારા જી.ઈ.બીમાં ફરિયાદ કર્યા પછી પણ કોઈ ઉકેલ આવ્યો નથી. કેટલાક યુવાનોએ આરોપ લગાવ્યો કે વિજ તંત્ર આકરૂન્દ પંથકમાં ઈરાદાપૂર્વક ફોલ્ટ દૂર કરવામાં સમય પસાર કરી રહ્યું છે જેના કારણે વિજ સમસ્યાઓ વકરી રહી છે. વીજળીના રીસામણાથી પાણી પુરવઠાને પણ માઠી અસર થયાનો આરોપ લગાવ્યો છે.

#### પીવાના પાણીની સમસ્યા વકરી, વિજ તંત્રમાં ફરિયાદ છતાં કોઈ સાંભળતું નથી

## ધો.૧૦માં માસ પ્રમોશન : ઉત્તર ગુજરાતના ૧.૩૨ લાખ વિદ્યાર્થીઓનું પરિણામ બે મૂલ્યાંકનના આધારે

### ધો.૯ સામાયિક અને ધો.૧૦ની એકમ કસોટીના આધારે પરિણામ, હોંશિયાર વિદ્યાર્થીઓમાં નિરાશા..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૪

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કોરોનાના કારણે ધો.૧૦માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપ્યા પછી પરિણામ મુદ્દે અવઢવ હતી.માસ પ્રમોશન પછી સરકારે ધો.૧૦ ની માર્કશીટ કેવી રીતે બનાવવી તેની ફોર્મ્યુલા જાહેર કરી છે. ધો.૯ સામાયિક અને ધો.૧૦ની એકમ કસોટીના આધારે પરિણામ જાહેર થશે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાના ૧,૩૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓનું પરિણામ બે મૂલ્યાંકનના આધારે જાહેર થયા પછી પણ આચાર્ય, વર્ગશિક્ષક અને વાલીઓ વચ્ચે સંઘર્ષની દહેશત સેવાય છે. વિદ્યાર્થી નિયત કરાયેલા માર્કસ નહીં મેળવ્યા હોય તો પણ પાસ કરાશે. રિપીટરોની પરીક્ષાનું સમયપત્રક હવે પછી જાહેર થઈ શકે છે.

માસ પ્રમોશનના નિર્ણયથી કેટલા વાલીઓ ખુશ, કેટલા નાખુશનું આંકલન કરવાનો સમય નથી પરંતુ અનેક વાલીઓએ માસ પ્રમોશનના કારણે પોતાના સંતાનોની કારકીર્દી ઉપર જોખમ મંડરાયાનો બડાપો વ્યક્ત કર્યો છે. ધો.૧૦માં

● અનુસંધાન પાના - ૭ પર

બાયડમાં તા.૬ જૂન, રવિવારથી શ્રીજી ઓર્થોપેડીક હોસ્પિટલનો શુભારંભ



અરવલ્લી જિલ્લા અને બાયડના જાણીતા ઓર્થોપેડીક સર્જન
ડૉ. દિપેન કે. પંચાલ, M.S. (ઓર્થોપેડીક)
ટ્રોમા, આર્થ્રોસ્કોપી, જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન અને હાડકાંના રોગોના નિષ્ણાત
શ્રીજી ઓર્થોપેડીક હોસ્પિટલ, બાયડ
તા.૬, જૂન-૨૦૨૧, રવિવારથી શુભારંભ થઈ રહ્યો છે. અદ્યતન ઓર્થોપેડીક હોસ્પિટલના શુભારંભથી બાયડ તેમજ પંથકના હાડકાંના રોગથી પીડીત દર્દીઓને યોગ્ય સારવાર મળશે.
કોરોના મહામારીને ધ્યાનમાં રાખી આમંત્રણ હાલ પૂરતું રાખવામાં આવેલ નથી. આપના આશીર્વાદની અપેક્ષા.

એપોઈન્ટમેન્ટ અને હેલ્પલાઈન નંબર : ૯૯૦૪૯૧૫૮૪૮
શુભસ્થળ : આર.આર.સીટી સેન્ટર, નવી જી.ઈ.બી.ની સામે, બાયડ-મોડાસા રોડ, બાયડ

ઉપલબ્ધ સારવાર..
- દરેક પ્રકારના ફ્રેક્ચરના ઓપરેશન.
- દરેક પ્રકારની આર્થોસ્કોપી સર્જરી (દૂરબીન વડે)
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી(થાપા, ઢીંચણ બદલવાના ઓપરેશન.
- આર્થરાઈટીસ ક્લિનીક.
- કરોડરજ્જુ, ગાદી અને મણકા સબંધિત કોઈપણ તકલીફોની સારવાર.
- મણકાની અને જટીલ માસપેસીની સમસ્યાઓની ઓપરેશન વગર ઈન્જેક્શન ટેકનિક વડે સારવાર.
- જોઈન્ટ પ્રીઝર્વેશન અને જોઈન્ટ રીસ્ટોરેશન સર્જરી.
- બાળકોને લગતા હાડકાની સમસ્યાની સારવાર.
- હાડકા, મણકા અને કરોડરજ્જુને લગતા તમામ પ્રકારના કેન્સરની સારવાર.

ઉપલબ્ધ સુવિધાઓ..
- આધુનિક સાધનોથી સજ્જ ઓપરેશન થિયેટર.
- ૨૪ કલાક ડિજીટલ એક્સ-રે ની સુવિધા.
- આઈ.આઈ.ટી.વી.ની સુવિધા(ટાંકા વગરનું ઓપરેશન)
- ૨૪ કલાક ઈમરજન્સી સારવાર.
- સ્પેશ્યલ, સેમી સ્પેશ્યલ અને જનરલ રૂમની સુવિધા.
- જનરેટરની સુવિધા ઉપલબ્ધ.
- ઈન હાઉસ ફાર્મસી.
- લેબોરેટરીની સુવિધા.

24/7 ઈમરજન્સી સારવાર

શુભેચ્છક
ડૉ.મૃગેશા પંચાલ
જયશ્રીબેન કે. પંચાલ
લીનાબેન એચ. પંચાલ
ભૂમિબેન બી. પંચાલ
સમસ્ત પંચાલ પરિવાર
બાયડ મેડીકલ એસોસીએશન
કનુભાઈ એ. પંચાલ
ડૉ. એચ. કે. પંચાલ (એમ.ડી., મેડી.)
બિરેન કે. પંચાલ
ડૉ. શિવમ્ એચ. પંચાલ
મિતેન બી. પંચાલ